જન્મદિને વધામણી

ડો. મેહુલ બી શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯

અર્ચનાબા વિવેકસિંહ ચૌહાણ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા

પાલજ ગામે ઍનઍસઍસ શિબિરનો શુભારંભ

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા પાલજ ગામે લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરના સહયોગથી ઍનઍસઍસ શિબિરનો સોમવારે શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

પાંચ દિવસીય આ શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અતિથિ તરીકે ઇન્ડિયન ઍર ફોર્સના પૂર્વ વિંગ કમાન્ડર નિલેષ ગાંધી, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ના ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરનાં પ્રમુખ મીનાક્ષી જયસિંઘાની, સૅક્રેટરી નીતા રાણા, આશા ગાંધી, નાની ભાટી, પાલજ ગ્રામ પંચાયતના સરપંચ સેધાજી ગલાબજી ઠાકોર, ડૉ. વિક્રમ સારાભાઈ શાળાના આચાર્ય ઍન આર ડામોર, ઍમ બી પટેલ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા દીકરીનું મહત્ત્વ સમજાવતું નૃત્ય અને દેહદાનની મહત્તા ઉજાગર કરતું નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ શિબિર દરમિયાન ૪ ડિસેમ્બરના રોજ 'ઉત્તમ વિદ્યાર્થી બનો' વિષયે ગાંધીનગરના યુવા મોટીવેશનલ ટ્રેનર મહર્ષિ રાવલનું વક્તવ્ય, પાંચમીએ સ્વચ્છતા અભિયાન, ૬ઠ્ઠીએ પેપ ટેસ્ટ, ૭મીએ થેલેસેમિયા અવેરનેસ કૅમ્પ અને ૮મીએ નેત્ર નિદાન, ડાયાબિટીસ અને બ્લડપ્રેશર ચૅક-અપ કૅમ્પ યોજવામાં આવ્યો છે.

સમગ્ર ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન ઍમ બી પટેલ સ્કૂલનાં ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

આર જી પટેલ સ્કૂલ ખાતે વિશેષ વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૪

આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે પૂર્વ વિદ્યાર્થી અને હાલમાં અધ્યાપક તરીકે ફરજરત મહિલાના વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્કૂલનાં ૧૯૯૮ની બૅચનાં વિદ્યાર્થીની જિજ્ઞાબેન ચુડાસમા દ્વારા વિદ્યાર્થીનીઓને સંબોધન કરવામાં આવ્યું હતું, જેઓ ઝાયડસ ખાતે સંશોધન ક્ષેત્રે પોતાનું યોગદાન આપી ચૂક્યાં છે અને ફાર્મસી કૉલેજ, ઝુંડાલ ખાતે આસી. પ્રૉફેસર તરીકે સેવારત છે. તેમનો પરિચય માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલે આપ્યો હતો અને તેમણે જિજ્ઞાબેન સાથેનાં પોતાનાં સંસ્મરણો પણ તાજા કર્યાં હતાં.

જિજ્ઞાબેને શાળામાં રહીને ભાર વિનાનું ભણતર કેવી રીતે પ્રાપ્ત કર્યું તે અંગેની વિગતવાર માહિતી વિદ્યાર્થીનીઓને આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને સ્વાસ્થ્ય, સલામતી અને સાવચેતી વિશે પણ વિગતે વાત કરી હતી અને સ્વાસ્થ્ય જાળવવા માટે જંકફૂડથી રહેવાની શિખ આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે કામિનીબેન મહંતે શાળામાં 'જાતીય સતામણી સલામતી સમિતિ'ની રચના તથા કાર્ય અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સમિતિનાં સભ્ય શિક્ષકમિત્રો, વિદ્યાર્થીનીઓનો પરિચય કરાવી પોતાની મુશ્કેલી ક્યાં, કેવી રીતે રજૂ કરવી તે અંગે વિદ્યાર્થીનીઓને સંપૂર્ણપણે માહિતગાર કરી હતી.

કાર્યક્રમના અંત ભાગમાં શાળા પરિવાર વતી આચાર્ય સુધાબેન પટેલે આભારવિધિ કરી હતી.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા મધર ડેરીની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા. ૪

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધોરણ-૧૧, ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને મધર ડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાતમાં સઘળા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મધર ડેરીનાં મહિલા અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને અલગ-અલગ વિભાગોમાં લઈ જઈ દૂધનું પૅકિંગ, ચીઝ, આઈસક્રીમ, દૂધનો પાવડર વગેરે બનાવટો કેવી રીતે તૈયાર થાય છે તેનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત માહિતીપ્રદ અને જ્ઞાનદાયક સિદ્ધ થઈ હતી.

ફૂલગુલાબી ઠંડીમાં પુસ્તક પરબને વાચકો દ્વારા હૂંફાળો આવકાર

ગાંધીનગર, તા. ૪

લગ્નગાળા અને વાતાવરણના પલટાનેક ારણે વધેલી ઠંડી છતાં પુસ્તક વાચનના રસિયાઓએ રવિવારે પુસ્તક પરબનો લાભ ખુલીને લીધો હતો. બસો જેટલા મુલાકાતીઓએ ચારસો પુસ્તકો અને મેગેઝિન નિઃશુલ્ક મેળવીને અંતરનો આનંદ વ્યક્ત કર્યો હતો. આયોજક પ્રજ્ઞા પટેલ, સંજય થોરાત, સ્વાતિ શુક્લ, ધૂર્જટી પ્રજાપતિ, મૂળજીભાઈ પરમાર, રોહા પરમારના હૂંફાળા આવકારે વાચનપ્રિય નાગરિકોને રાજી કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ૬૫૦ જેટલાં પુસ્તકો પુસ્તક પરબને ભેટ સ્વરૂપે મળ્યા હતા. દાતાઓ પૈકી રવીન્દ્ર દવેએ સૌથી વધુ પુસ્તકોનું દાન કર્યું હતું. પુસ્તક પરબમાં યુવા વર્ગની વધતી સંખ્યા આનંદની લાગણી જગાવી રહી છે એ પણ ઉલ્લેખનીય સમાચાર છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને ગીતા વિશે જ્ઞાન

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે સતપ્રેરણા ટ્રસ્ટ, ચાંદખેડા દ્વારા ભારતીશ્રીજી પ્રેરણાથી ગીતા જયંતી નિમિત્તે શાળાના ધોરણ-૬થી ૮ના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને ગીતા વિષે ધાર્મિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. સાથે-સાથે વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ખૂબ જ શાંતિથી અને રસપૂર્વક ઓતપ્રોત થઈ વિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ઓડિયો ક્લિપનું શ્રવણ કરાવી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ જવાબ આપી પ્રોત્સાહક ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં. વિદ્યાર્થીઓને જ્ઞાનવર્ધક સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં આચાર્ય નીવાબેન પટેલ દ્વારા શાળા પરિવાર વતી સતપ્રેરણા ટ્રસ્ટ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

૬ઠ્ઠી ડિસેમ્બરે ડૉ. આંબેડકરની પ્રતિમા સમક્ષ શ્રદ્ધાસુમન અને ભજનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગરના ઉપક્રમે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૧મા મહાપરીનિર્વાણ દિવસ નિમિત્તે તા. ૬ ડિસેમ્બર ને બુધવારના રોજ ગુજરાત વિધાનસભા સામે રાખવામાં આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સવારે ૮.૦૦ કલાકે શ્રદ્ધાસુમન-પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કલ્પેશ કટારીયા ગ્રૂપ દ્વારા ભજનનો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સૌ નગરજનોને સમિતિના પ્રમુખ હરગોવિંદભાઈ જે રાઠોડ, મહામંત્રી વિઠ્ઠલભાઈ જે પરમાર અને ઉપપ્રમુખ ભરતસિંઘ આર ચૌધરી દ્વારા સમિતિ વતી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દેશની ટેકનિકલ કોલેજોમાં પ્રોફેસર્સની નિયુક્તિમાં AICTE દ્વારા છૂટછાટ

ગાંધીનગર, તા. ૪

ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા દેશની ડિપ્લોમા અને ડિગ્રી ઇજનેરી કોલેજોમાં અધ્યાપકોની નિયુક્તિ માટેના નિયમો હળવા કરવાની જાહેરાત કરવામા આવી છે. નિયમો હળવા થતાં હવે કોલેજોમાં ઓછા અધ્યાપકોએ વધારે કામ થઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. ટેકનિકલ કોલેજોમાં અત્યાર સુધી ૧:૧૫ નો રેશિયો હતો તે બદલીને હવે ૧:૨૦નો કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત જે અધ્યાપકોની નિયુક્ત હોય તે પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ નહી પરંતુ કોલેજને મળેલી ઇન્ટેક કેપેસીટી પ્રમાણે ગણવાનું નક્કી કરાયુ છે.

દેશની ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાં અત્યાર સુધી ૧૫ વિદ્યાર્થીઓ પ્રમાણે એક અધ્યાપકની નિયુક્તિ કરવી પડી હતી. એક વર્ગમાં જેટલા વિદ્યાર્થીઓ હોય તે પ્રમાણે ફરજિયાત અધ્યાપકો રાખવા પડતાં હતા. તાજેતરમાં કાઉન્સિલ દ્વારા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં હવે પછી ૧૫ વિદ્યાર્થીઓએ એક અધ્યાપકના બદલે ૨૦ વિદ્યાર્થીઓએ એક અધ્યાપક રાખવાનું નકકી કરાયુ છે.

આ જ રીતે ડિપ્લોમા ઇજનેરી કોલેજમાં અત્યાર સુધી ૨૦ વિદ્યાર્થી વચ્ચે એક અધ્યાપકની જરૂર પડતી હતી. જેના બદલે હવે નવા નિયમ પ્રમાણે ૨૫ વિદ્યાર્થીઓ વચ્ચે એક અધ્યાપક રાખવામાં આવશે. નવા નિયમો પ્રમાણે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પ્રમાણે નહી પરંતુ કોલેજને કેટલા વિદ્યાર્થીઓ ભરવાની મંજુરી આપવામાં આવી છે તે પ્રમાણે ગણતરી કરવામાં આવશે. ઉદાહરણ તરીકે કોઇ કોલેજને એક હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજુરી આપવામાં આવી હોય અને આ કોલેજમાં માત્ર ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય તો ૧ હજાર પ્રમાણે જ ગણતરી કરવાની રહેશે. સૂત્રો કહે છે આ સિવાય કેડર રેશિયામાં પણ કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જે પ્રમાણે અત્યાર સુધી કોલેજોમાં એક પ્રોફેસર, ૨ એસો. પ્રોફેસર અને ૬ આસી. પ્રોફેસરો રાખવામાં આવતાં હોય છે.

આર જી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પીસીઆરએ દ્વારા સેમિનાર

ગાંધીનગર, તા. ૪

શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૩ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે પેટ્રોલિયમ સંરક્ષણ અને અનુસંધાન કેન્દ્ર (પીસીઆરએ), અમદાવાદ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ સાયન્સની ૬૭ જેટલી વિદ્યાર્થીનીઓએ આ સેમિનારનો લાભ ઉત્સાહપૂર્વક પ્રાપ્ત કર્યો હતો.

પીસીઆરએ તરફથી રાજેશ્રીબેને ઊર્જા બચત અને તેના ફાયદા અંગે પ્રેઝન્ટેશન સહિત વિગતવાર સમજ આપી હતી. ત્યારબાદ આ જ વિષય પર આધારિત એક ક્વિઝ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા બનેલી વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમમાં આચાર્ય, સુપરવાઈઝર્સ અને શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વીરચંદ ગાંધીએ વિદેશીઓને તેજસ્વી ભારતની ઓળખ આપી

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત કુમારપાળ દેસાઈએ ભારતીય સંસ્કૃતિના વિસ્મૃત જ્યોતિર્ધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો અભ્યાસ અને સંશોધનો રજૂ કર્યા હતા.

આજથી ૧૨૪ વર્ષ પહેલાં અમેરિકા અને ઇંગ્લેન્ડમાં અંગ્રેજી ભાષામાં છસો પચાસ જેટલાં પ્રવચનો આપીને ભારતીય સંસ્કૃતિની ગરિમા, પરાધીન ભારતનો આઝાદી માટેનો રણટંકાર તથા આત્માનું વિજ્ઞાન, શાકાહાર, અહિંસા અને ભારતના જુદાં જુદાં દર્શનોની વિદેશીઓને સમજ આપી હતી. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, ૧૪ ભાષાના વિદ્વાન વીરચંદ ગાંધીએ માત્ર જૈનદર્શન વિશે જ નહીં, બલ્કે સાંખ્ય, યોગ, વૈશેષિક દર્શનો વિશે પ્રવચનો આપ્યા છે, તો અમેરિકાની પ્રજા સામે ઇન્ડિયાઝ મેસેજ ટુ અમેરિકા જેવાં વ્યાખ્યાનો દ્વારા ભારતીય સંસ્કૃતિની કઈ કઈ બાબતો અમેરિકાએ શીખવા જેવી છે એની વાત કરી. એમણે વિદેશી શ્રોતાઓ સમક્ષ કૉન્સસ્ટ્રેશન વિશે આઠ વ્યાખ્યાનો આપ્યા તેમજ આર્ટ ઑફ બ્રિધિંગ અને આર્ટ ઑફ ઈટિંગ દ્વારા ભારતીય શ્વાસવિજ્ઞાન અને ભારતીય ભોજનશૈલીની વિશેષતા ઉજાગર કરી આપી હતી.

દુનિયામાં કોઈ ઓછા આત્મવિશ્વાસથી જનમતો નથી કે પેદાયશી ડરપોક હોતો નથી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એડસન અરેન્ટીસ ડો નાસ્કીમેન્ટો એટલે કે પેલે. ભયંકર ગરીબીમાં પેલેનું બાળપણ વીત્યું. ઓકટોબરની ૨૩મી તારીખે ૧૯૪૦માં જન્મેલો આ બાળક બ્રાઝીલનુ 'બ્લેક પર્લ' તરીકે વિશ્વમાં મશહુર થયું. કોઈ મોટા રેગ્યુલર કોચીંગ ક્લબમાં તાલીમ લઈ શકે એવી એની આર્થિક ક્ષમતા નહતી. એટલે પેલે એના પિતાજી પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવી

આગળ વધ્યો. સોકર રમતાં ઝડપાતા ૧૧ વર્ષની ઉંમરે એને શાળામાંથી કાઢી મૂકાયો. ડી બ્રીટો નામના રમત પારખુ ઝવેરીએ ૧૫ વર્ષના પેલેમાં હીર જોયું અને એ જમાનાની બ્રાઝીલની શ્રેષ્ઠ ક્લબ ટીમ 'સેન્ટોઝ'ના ડાયરેકટર મંડળ સામે પેલેને પેશ કરીને કહ્યું કે, 'આ છોકરો એક દિવસ વિશ્વનો મહાન સોકર પ્લેયર બનશે.' પેલેને સેન્ટોઝ ક્લબ તરફથી રમવાનું નિમંત્રણ મળ્યું અને પ્રતિમાસ ૬૦ ડોલરનો પગાર મળવાનો શરૂ થયો. દિવસ રાત પરસેવો પાડીને મહેનત અને લગનથી પેલેએ ફૂટબોલ જગતમાં ન ભૂતો ભવિષ્યતિ બની ગયો. ૧૩૬૩ ગેઇમમા ૧૨૮૧ ગોલ જેના નામે છે એવા પેલેને બ્રાઝીલીયન સરકારે ૧૯૬૨ની વર્લ્ડ કપ પછી 'ઓફિશિયલ નેશનલ ટ્રેઝર 'અર્થાત 'સત્તાવાર સરકારી સંપત્તિ' તરીકે જાહેર કર્યો. ૧૦ નંબરની ટી શર્ટ પહેરતા પેલેને આખું બ્રાઝીલ અદકેરું સન્માન આપતાં. બ્રાઝીલમાં કોઈપણ વ્યક્તિ 'બ્લેક પર્લ' તરીકે ઓળખાતા પેલેના ૧૦ નંબરની ટી શર્ટ પહેરતાં નહીં. ૧૦ નંબર આખા બ્રાઝીલમાં પેલેનો 'ટ્રેડમાર્ક' હતો.

બાળપણમાં આપવામાં આવેલું 'નીક નેમ' પેલે એને ગમતું નહીં. એ નામને એ ધિક્કારતો. એના મિત્રોએ એ જમાનાના એમના મિત્ર વર્તુળમા પ્રિય એવા ફૂટબોલ ખેલાડી વાસ્કોડ ગામા પિલના નામે એને 'પિલ' એવુ હુલામણુ નામ આપ્યું. પણ પાછળથી આ નામ અપભ્રંશ થઈને 'પેલે' થઈ ગયું. આમ તો હિબ્રુ ભાષામાં પેલેનો અર્થ ચમત્કાર થાય. રાતોરાત મળેલી કામયાબી પાછળ કેટલીય રાતના ઉજાગરા હોય છે. પેલે વિશ્વપ્રસિદ્ધ સોકર ફૂટબોલર તરીકે મશહૂર થયો તે પહેલાં કેટલાય દિવસ અને રાત અથાગ મહેનત કરી પસીનો પાણીની માફક પાડ્યો છે.

વિશ્વના આ મહાન સોકર પ્લેયર પેલેએ એકવાર તેના જીવનની સફળતાનો અર્ક આપતી ખૂબ મજાની વાત કરી હતી. એણે કહ્યું કે, 'દુનિયામાં દરેક લોકોને આદર આપતાં શીખવું જોઈએ, અને સખત પરિશ્રમ કરતાં રહેવું જોઈએ. મને ખ્યાલ છે કે જ્યારે મારા સાથી ખેલાડીઓ ટ્રેનિંગ દરમિયાન સેશન પૂરી થઈ ગયા પછી દરિયા કિનારે મોજમસ્તી કરતાં હતાં. ત્યારે હું 'ડ્રીબલીંગ' અને 'કીકીંગ' કરીને બેસુમાર પસીનો વહેવડાવતો હતો.'

પાણી ૧૦૦ સેંટીગ્રેડ ડિગ્રી સુધી ગરમ થાય ત્યાં સુધી ફરક પડતો નથી પણ જેવો ૧૦૦ પછી ૧ ડિગ્રી વધે અને ૧૦૧ ડિગ્રી પાણી ગરમ થાય એટલે એ ઉકળવા માંડે અને એમાંથી વરાળ નીકળે. વરાળમાં જબરજસ્ત તાકાત હોય છે. આ વરાળમાં જ મોટા ભીમકાય એન્જિન ચલાવવાની જબરી શક્તિ હોય છે. આ શક્તિ એક ડિગ્રીના ફર્કથી આવતી હોય છે. આ એક ડિગ્રીનો ફર્ક આખી દુનિયા બદલી નાખે છે. ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારા અને વિજયી બનનારાનો તફાવત માત્ર થોડી સેકન્ડ કે સેકન્ડના થોડા ભાગ જેટલો જ હોય છે. પણ આ થોડી સેકન્ડના અંતરથી સફળ થવા માટે એ એથલીટે વર્ષો સુધી સખત પરિશ્રમ કર્યો હોય છે. એક સુપરહીટ ફિલ્મ ઝંજીર અમિતાભ બચ્ચનને સ્ટારડમ અને પછી સુપરસ્ટારડમ કક્ષા સુધી પહોંચાડે જરૂર પણ ઝંજીરની સફળતા પહેલાં અમિતાભ બચ્ચને વર્ષો સુધી જબરજસ્ત પરિશ્રમ અને સ્ટ્રગલ કરી. ધીરૂભાઈ અંબાણીનું રિલાયન્સ એમ્પાયર ઊભું થયું એ પહેલાં ધીરૂભાઈએ જબરી મહેનત અને પરસેવો પાડ્યો હતો. ઇંફોસીસના નારાયણ મુર્તી ગજબની મહેનત કરી એમ્પાયર ખડુ કરી શક્યા.

ઘણી વાર ખૂબ જ મહેનત પછી પરિણામ ન મળે ત્યારે કંટાળીને મહેનત કરવાનું છોડી દેવામાં આવે છે. પણ જ્યારે મહેનત કરવાનું મૂકી દેવાતુ હોય છે ત્યારે એ અંદાજ નથી હોતો કે, આ પરિશ્રમનું પાણી ૯૯ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. માત્ર એક કે બે ડિગ્રી જેટલી જ મહેનત બાકી છે. 'સ્ટીમ' બની તાકાત ઉભી થવાની છેલ્લી એક કે બે ડિગ્રી જ બાકી બચી હોય છે. અને ત્યારે પરિશ્રમ જો અટકે નહીં તો ૧૦૧ ડિગ્રીનો ફર્ક જીવનમાં આવતાં વાર લાગતી નથી. એ એક ડીગ્રીનો ફર્ક આવતા સમય ચોક્કસ લાગે, ખુબ કપરો કાળ અનુભવાય પણ જેવો એ એક ડીગ્રીનો ફર્ક આવે એટલે સમય બદલાઈ જાય.

જીવનમાં જે લક્ષ્ય નિર્ધારિત કર્યું હોય ત્યાં પહોંચવા માટેનો માર્ગ લાંબો અને કપરો ચોક્કસ હોય છે. પણ રોજ કરેલી મહેનત ક્યારેય એળે જતી નથી એ પણ એટલી જ વાસ્તવિકતા છે. જીવનમાં ૧૦૧ ડિગ્રીનો તફાવત લાવવા લક્ષ્ય સુધી પહોંચવા 'સ્ટીમ' જેવી શક્તિ પેદા કરવા પાંચ મહત્વના પગલાં છે. પહેલું પગલું છે, રોજ પ્રયાસ કરતા રહેવાનુ છે. બીજું પગલું, રોજ આપણા મન અને હૃદયમાં હિંમતનું ઇંધણ ભરતા રહેવાનુ છે. ત્રીજું પગલું મનલુભાવન પણ લક્ષ્યથી અલગ અન્ય બાબતોની મોજ મારવાની જતી કરવાની કુરબાની આપવાની શક્તિ હોવી જોઈએ. લક્ષ્યથી ભટકે નહીં એ રીતે મનને મજબુતાઈથી પકડી રાખવાનુ ચોથુ પગલું છે. પાચમું અને અંતિમ મહત્ત્વનુ પગલું છે, લક્ષ્ય સુધી પહોંચવા માટે મુળ વિચારને સપ્લીમેન્ટ કરી સપોટલ્ગ સ્ટ્રેંથ આપતા નિર્ણયો લેવાંનું.

સફળતાની એક ક્ષણ માટે કેટલીયે ક્ષણો, મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો સુધી પરિશ્રમનું પાણી ઉકળે છે ત્યારે ૧૦૧ ડિગ્રીની ક્ષણ મળે છે. જ્યારે પણ મન પાછું પડે, ડગી જાય, ત્યારે મૂઠી વાળીને મનને સમજાવવું પડે છે કે, 'ચાલવું જરૂરી છે.' માર્ગ છોડનારાને મંઝીલ મળતી નથી. જે માર્ગ છોડી દે છે એમને તો મંઝીલે પહોંચેલા લોકોએ રસ્તામાં છોડી દીધેલી જુઠ્ઠન જ નસીબમાં હોય છે. મનને કેળવવું જોઈએ કે, આજ એ આવતી કાલની સફળતાનો એક મજબૂત હિસ્સો છે. પરિણામ આવતાં સમય ચોક્કસ લાગે પણ પરિણામ આવ્યા પછી સમય બદલાઈ જાય છે. હટી જાય એ ખતમ થઈ જાય, પણ મચી પડે એ સફળ થઈ જાય. કોઈપણ ઓછા આત્મવિશ્વાસ સાથે જન્મતો નથી. કોઈપણ માણસ પેદાયશી ડરપોક હોતો નથી. પ્રત્યેક જીવમાં શિવે અખૂટ હિંમતનો ખજાનો ભર્યો છે. આત્મવિશ્વાસના પરિશ્રમનુ પાણી ૧૦૧ ડિગ્રી સુધી ઉકાળવાની જરૂર છે.

ધબકાર

સફળ થવા માટે જોયેલુ એક સ્વપ્ન જાદુ દ્વારા સાકાર નથી થતું એના માટે દ્રઢ નિશ્ચય, કઠોર પરિશ્રમ અને મુશ્કેલીઓ સામે લડવુ પડે છે.

- કોલિન પોવેલ